અગત્યનું

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૪૩૧૫-૧૬

કમિશ્નર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૭/૦૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : મહાનગરો પર ગ્લોબલ વોર્મિંગની અસર અને પ્રદૂષણની ભયજનક માત્રાને નિયંત્રિત કરવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૧૯-૫૨૪-વ.૨, તા.૨૯/૧/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મહાનગરો પર ગ્લોબલ વોર્મીંગની અસર અને પ્રદૂષણની ભયજનક માત્રાને નિયંત્રિત કરવા અંગે વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ અન્વયે પ્રસ્તાવ દાખલ કરેલ છે. જે અન્વયે પ્રજાજનો દ્વારા થતા ખાનગી વાહનોના વપરાશમાં મહદઅંશે ઘટાડો થાય અને તેઓ પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુમાં વધુ ઉપયોગ કરતા થાય તે ઈચ્છનીય છે. જેથી વિદ્યાર્થીઓ પોતાની શાળાના પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગ તરફ વળે તે માટે અને આપના તાબા હેઠળની શાળાઓના કર્મચારીઓ પણ ખાનગી વાહનોનો વપરાશ ટાળી/ઘટાડી શક્ય તેટલો પબ્લિક ટ્રાન્સ્પોર્ટનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને ઉદાહરણરૂપ થાય અને ગ્લોબલ વોર્મીંગ તેમજ પ્રદૂષણના નિયંત્રણમાં સહિયારૂં યોગદાન આપે તે માટે આપના તાબા હેઠળની શાળાઓને પરિપત્રિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

નોંધ પર માનનીય સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ની સૂચનાથી.

યોજના
૨૫/૨

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

---

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/૯૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૪/૦૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner